PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ-મેઈલ :- forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪/કવા-૦૨/૧૮-૧૯/ 7771 તા. 20-8-18

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
મોઢવાડીયા વસ્તાભાઈ અભુભાઈ,
સતાધાર એગ્રો સેન્ટર, ગામ: જામ રાવલ
તા.કલ્યાણપુર,
જી: દેવભુમી દ્વારકા - 361325
મો: ૯૪૨૯૨ ૪૫૧૪૫

વિષય :-લોડ વધારા ની અરજી બાબત
સંદર્ભ:- આપની અરજી , તા. ૨૮-૦૬-૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૪/કવા-૦૨/૧૮-૧૯)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ - સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ :૪/કવા–૨/૧૮–૧૯ કમિટી મીટીંગઃ તા.૧૭–૦૭–૧૮ અને તા. ૧૦–૦૮–૧૮ સ્થળ : દ્વારકા

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: મોઢવાડીયા વસ્તાભાઈ અભુભાઈ, ગામ: જામ રાવલ

રજુઆત કરનાર: અરજદાર મોઢવાડીયા વસ્તાભાઈ અભુભાઈ હાજર રહેલ છે.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)

રજુઆત કરનાર :આર.વી.સોમાણી – ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, દ્વારકા

## : હુકમ :

ફરીયાદ : લોડ વધારા ની અરજી બાબત

## મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે,તેઓના ગ્રાહક નં.–૮૫૭૩૪ –૦૦૦૧૩–૨ વાળુ ખેતીના ઉપયોગ માટે ૦૫ હોપાનુ વીજ જોડાણ અંદાજે છેલ્લા ૧૫ વરસથી – ગામ–જેપુર વાડી વિસ્તાર ખાતે ધરાવે છે. હાલ તેઓને વીજભાર વધારા ની જરૂરીયાત હોય ( ૦૫ હોપામાથી ૧૦ હોપા) તે મુજબ ની અરજી પીજીવીસીએલ ની સબંધક કચેરીમા જરૂરી આધાર પુરાવા સાથે તા.૨૪–૦૫–૧૮ થી કરેલ હતી. તે માટે જરૂરી રૂ.૨૦૦/– ડિપોઝીટ પેટે ભરપાઈ કરેલ. તેઓને વીજભાર વધારા સબબ નુ ભાવપત્રક પણ મળેલ છે. તેઓની વીજભાર વધારો ૧૦ હોપા થી કરી આપવા અંગે નુ ભાવપત્રક મળેલ. તેમજ આ ભાવપત્રક મા વીજભાર વધારા અંગે ની રકમ તા.૩૦–૦૬–૧૮ સુધીમા ભરપાઈ કરી આપવા જણાવેલ હતુ. જે ભાવપત્રક મુજબ– એ –કેટેગરી હેઠળ વીજભાર વધારો મંજુર કરાયેલ હોવાથી – એલ.ટી.લાઈન મા વચ્ચે થી પાવર ચોરી થતા – તેઓને પુરતા વીજદબાણ થી પાવર સપ્લાય મળતો ન હોય – જો અલાયદુ ટ્રાન્સફોર્મર આપવામા આવે તો – તેઓની સદર પાવર સપ્લાય ની સમસ્યા નુ નિરાકરણ થઈ શકે તેમ હોય – આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

## મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી મીટીંગ: તા.૧૭–૦૭–૧૮ ના રોજ જણાવાયેલ કે ચોમાસાની ઋતુ હોય – વીજફોલ્ટ ની કામગીરી વધી જવાના કારણોસર – સદર અરજદાર ની ફરીયાદ અન્વયે રી– સર્વે તથા તાંત્રીક ચકાસણી અંગે ની કામગીરી થઈ શકેલ ન હોય – વધુ એક મુદત આપવા ફોરમ કમિટી ને વિનંતી કરવામા આવેલ હતી. ત્યારબાદ, ફોરમ કમિટી મીટીંગ: તા. ૧૦–૦૮–૧૮ ના રોજ પીજીવીસીએલ પક્ષકાર ના લેખીત પત્ર નં. – ૩૯૯૩ તા.૦૯–૦૮–૧૮ મા જણાવ્યા મુજબ – અરજદાર ના સવાલવાળા વીજજોડાણ વાળી જગ્યાએ – હળવા દબાણ ની વીજ લાઇન ખુબજ જર્જરિત માલૂમ પડેલ. જે અન્વયે સબંધક પેટા વિભાગીય કચેરી દ્વારા સદર જર્જરિત વીજ લાઇન તથા ફેબ્રિકેશન બદલી કરી અને સદર વીજ જોડાણ નો વીજ પુરવઠો ચાલુ કરેલ છે. વધુમાં સદર વીજ જોડાણ ના લોડ વધારા બાબતે અરજદારના પ્રતિનિધિની શ્રી દેવશીભાઇની હાજરીમાં લોડ વધારા અંગે નવા વીજ ટ્રાન્સફોર્મર તથા વીજ લાઇન ઊભી કરવાની સર્વેની કામગીરી પુર્ણ કરેલ છે.સદર લોડ વધારાની અરજી તથા અંદાજપત્રક ભરપાઈ કર્યા બાદ ઉપરોક્ત જણાવ્યા મુજબની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

## : નિષ્કર્ષ :

**મુદદા નં.–૩ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અર ... ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ<br>અને પીજી ... કાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત<br>અહેવાલ, તેમજ ... બંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને<br>પક્ષકારો ની તમામ ... કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી<br>નીચે મુજબ ની વિગતે નિષ્કષ |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ના વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે – ગ્રાહક નં.–૮૫૭૩૪ –૦૦૦૧૩–૨ વાળુ ખેતીના ઉપયોગ માટે ૦૫ હોપાનુ વીજ જોડાણ અંદાજે છેલ્લા ૧૫ વરસથી – ગામ–જેપુર વાડી વિસ્તાર ખાતે ધરાવે છે. જેમાં એલ.ટી.લાઈન મા તેઓનુ વીજ જોડાણ છેલ્લે આવતુ હોવાથી – તેઓને પુરતા વીજદબાણ થી પાવર સપ્લાય મળતો ન હોય – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જરૂરી વીજલાઈન ના સમારકામ ની કામગીરી પૂર્ણ કરેલ છે, તેમજ અરજદાર ની વીજભાર વધારા બાબતે – નવા ટ્રાન્સફોર્મર તેમજ વીજલાઈન ઉભી કરવાની સર્વે ની કામગીરી અરજદાર ના પ્રતિનીધી શ્રી દેવશીભાઈ ની હાજરીમા પૂર્ણ કરેલ છે. જે અન્વયે – અંદાજપત્ર ભરપાઈ કર્યા બાદ – આ બાબતે આગળની કાર્યવાહી નિ માધીન પૂર્ણ કરવામા આવશે, જે બાબત નિયમાધીન હોય – બન્ને પક્ષકારો ને જાણકારી તેમજ યોગ્ય કાર્યવાહી કરવા, તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

## હુકમ

**મુદદા નં.–૪ :**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતેની બન્ને પક્ષકારો ને જાણકારી આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.